# –: પશુપાલન ક્ષેત્રે છેલ્લા ત્રણ વર્ષમાં હાંસલ કરેલ સિધ્ધિઓ :–

## વર્ષ ૨૦૦૮–૦૯ ની સિધ્ધિઓ :–

- વર્ષ ૨૦૦૮–૦૯ દરમ્યાન ૮૩.૮૭ લાખ ટનના દૂધ ઉત્પાદન સાથે દેશમાં પાંચમા નંબરે રહેલ.
- તા.૧/૧/૦૯ થી તા.૩૧/૧/૨૦૦૯ દરમ્યાન પશુપાલન ખાતા ધ્વારા રાજય વ્યાપી પશુ આરોગ્ય મેળા અભિયાન હાથ ધરવામાં આવેલ. જેમાં અંદાજે ૬૫૯૭ ગામડાઓ આવરી લઈ ૨૮૧૧ પશુ આરોગ્ય મેળાઓ યોજી કુલ ૧૧.૦૭ લાખ પશુઓને સારવાર, ૭.૫૩ લાખ પશુ તથા પક્ષીઓમાં રસીકરણ તેમજ ૪૮૯ સુધારેલ ઘાસચારા બિયારણ કિટસનું વિતરણ કરવામાં આવેલ.
- રાજયમાં પશુ આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવા વર્ષ ૨૦૦૮–૦૯ દરમ્યાન ૫૫ નવા પશુદવાખાના અને સાત વેટરનરી પોલીકિલનીકસ અને બે પશુરોગ સંશોધન એકમ શરૂ કરવામાં આવ્યા તથા હયાત પશુદવાખાનાઓમાં પશુસારવાર માટેની આધુનિક સુવિધાઓ ઉભી કરવા માટે ના આધુનિકરણ માટે નવી યોજના દાખલ કરી.
- રાજયમાં વૈજ્ઞાનિક બકરાપાલનને વધુ વેગ આપવા નલીયા અને કોંઢ ખાતે બે નવા બકરાં સંવર્ધન ફાર્મની સ્થાપના કરવામાં આવી.
- કૃષિ મહોત્સવ ૨૦૦૮ દરમ્યાન ૮૩૬ જેટલા કેમ્પો યોજી તેમાં ૧.૫૪ લાખ પશુઓને સારવાર આપી. વધુમાં ૫૩ લાખથી વધુ પશુઓમાં રસીકરણ અને ૧.૪૧ લાખથી વધુ પશુઓમાં કૃત્રિમબીજદાન કરવામાં આવ્યું.
- પશુપાલકો સારી ઓલાદના પશુઓથી જાણકાર થાય તેમજ પશુપાલન વ્યવસાયમાં રૂચી કેળવતા થાય તે હેતુથી રાજયમાં પ્રથમ વખત વર્ષ ૨૦૦૮–૦૯ માં તા.૨/૯/૦૮ થી તા.૫/૯/૦૮ સુધી યોજાયેલ તરણેતરના મેળામાં પશુપ્રદર્શન યોજી પશુઓમાં કેટેગરી વાઈઝ ઈનામ વિતરણ કરવામાં આવ્યું.

- રાજયમાં અશ્વોની મુખ્ય ઓલાદો કાઠીયાવાડી અને મારવાડીની જાળવણી માટે ઓલાદના મુળભુત અસલ ગુણો જળવાઈ રહે તથા અશ્વ પાલકોની અશ્વપાલન અંગેની જાણકારીમાં વધારો થાય તે માટે અશ્વપાલકોમાં જાગૃતિ લાવવા અને અશ્વપાલન વ્યવસાયમાં રસ જાળવી રાખવા માટે સરકારશ્રી ધ્વારા અશ્વશોના આયોજન માટે આર્થિક સહાયની યોજના અમલમાં મુકેલ છે. જે અંર્તગત વર્ષ ૨૦૦૮ –૦૯ માં ગાંધીનગર મુકામે એક મેઘા અશ્વશોનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં વિવિધ પ્રકારની ૧૬ જેટલી હરીફાઈઓમાં કુલ ૨૩૦ અશ્વોએ ભાગ લીધેલ હતો. જેમાં વિજેતાઓને પ્રથમ,દ્વિતિય અને તૃતિય આશ્વાસન ઈનામો આપવામાં આવેલ છે.

## વર્ષ ૨૦૦૯–૧૦ની આગવી સિધ્ધિઓ

- વર્ષ ૨૦૦૯–૧૦ દરમ્યાન રાજયમાં ૮૮.૪૨ લાખ મેટ્રીક ટન દૂધ ઉત્પાદન નોધાયેલ છે.
- તા.૩૧/૧૦/૨૦૦૯ થી તા.૩૦/૧૧/૨૦૦૯ દરમ્યાન સમગ્ર રાજયમાં સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી પશુપાલન ખાતા ધ્વારા ખાતાની સેવાકીય પ્રવૃત્તિઓનો લાભ રાજયના પશુપાલકોને મળે તે માટે રાજયવ્યાપી પશુઆરોગ્ય મેળા અભિયાન હાથ ધરવામાં આવેલ.જેમાં ૬૬૬૧ ગામડાઓ આવરી લઇ ૨૮૯૧ પશુઆરોગ્ય મેળાઓ યોજીને ૧૦.૯૨ લાખ પશુઓને સારવાર,૭.૫૧ લાખ પશુઓ તથા પક્ષીઓમાં રસીકરણ કરવામાં આવેલ છે.
- કૃષિ મહોત્સવ ૨૦૦૯ દરમ્યાન એક નવીન અભિગમ સાથે તાલુકા કક્ષાએ તેમજ કૃષિ યુનિર્વસીટી કક્ષાએ સેમીનાર યોજી પ્રગતિશીલ પશુપાલકોને સાંકળવામાં આવ્યા. જેમાં તાલુકા કક્ષાએ ૮૩ હજારથી વધુ યુનિર્વસીટી કક્ષાએ ૧૪ હજારથી વધુ પ્રગતિશીલ પશુપાલકોએ હાજરી આપી. વધુમાં ૫૧૮ જેટલા કેમ્પો યોજી તેમાં ૨.૨૩ લાખ પશુઓને સારવાર આપી. વધુમાં ૫૪ લાખથી વધુ પશુઓમાં રસીકરણ અને ૯૮ હજારથી વધુ પશુઓમાં કૃત્રિમબીજદાન કરવામાં આવ્યું.

- રાજયમાં પશુ આરોગ્ય સેવાઓનું વિસ્તરણ અને દ્રઢીકરણ થાય તે માટે વર્ષ ૨૦૦૯–૧૦ દરમ્યાન બે નવા વેટરનરી પોલીકલીનીક આણંદ અને દાહોદ જિલ્લામાં શરુ કરવામાં આવેલ છે.
- રાજયના આદિજાતિ વિસ્તારમાં પશુ આરોગ્ય સેવાઓ આંતરિયાળ વિસ્તારમાં સહેલાઈથી પશુપાલકના ઘરઆંગણે મળી રહે તેમાટે આદિજાતિ વિસ્તારમાં ૪૦ નવા ફરતા પશુસારવાર એકમ સ્થાપવામાં આવેલ છે.
- રાજયમાં પશુપાલકને પશુ સંવર્ધન માટેની સવલતો વધારવા માટે રદ થયેલ ઘનિષ્ટ પશુ સુધારણા યોજનાના કેન્દ્રો પુનઃ શરૂ કરવામાં આવ્યા અને બે નવા ઘનિષ્ટ પશુ સુધારણા યોજનાના ઘટકો પાટણ અને પંચમહાલ ખાતે શરૂ કરવામાં આવ્યા.
- પશુપાલન, ડેરી અને મત્સ્યોધોગના સર્વાંગી વિકાસ માટે કામધેનું યુનિર્વસીટી સાબરકાંઠાના હિમંતનગર તાલુકાના રાજપુરા (નવા) ગામ ખાતે કાર્યાન્વીત કરવા માટેનું બીલ વિધાનસભા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે.
- રાજયના અમુક વિસ્તાર ખાસ કરીને સૌરાષ્ટમાં ડેરીક્ષેત્રમાં માળખાકીય સુવિધાઓ ઘણી ઓછી છે જેના પરિણામે આ વિસ્તારમાં પશુધન હોવા છતાં ડેરીઓનો સુગઠીત વિકાસ થયેલ નથી. રાજયના આવા વિસ્તારમાં ઉભી થતી દૂધ સહકારી મંડળીઓને માળખાકીય સુવિધા જેવીકે ચિલિંગ સેન્ટર તથા બલ્ક કુલર સ્થાપવા માટે વર્ષ ૨૦૦૯–૧૦ દરમયાન **રૂા.૮૫૪ લાખ**ની સહાય આપવામાં આવેલ છે.

**વર્ષ ૨૦૧૦–૧૧ની સિધ્ધિઓ :–**

- પશુપાલન પ્રવૃત્તિઓ અને કાર્યક્રમ માટેનો મુખ્ય હેતુ પશુ પેદાશો જેવી કે દૂધ,ઈંડા અને ઉનનું ઉત્પાદન વધારવાનો છે. વર્ષ ૨૦૦૯–૧૦ માં દૂધ ૮૮૪૪ હજાર મેટ્રીક ટન, ઈંડા ૧૨૭૬૨ લાખ નંગ અને ઉન ૨૯૧૯ હજાર કિગ્રા ઉત્પાદન થયેલ છે. વર્ષ ૨૦૧૦–૧૧ માં માહે

ડિસેમ્બર–૧૦ અંતિત ૬૦૪૦.૫૬ હજાર મેટ્રીક ટન દૂધ,૮૫૮૧.૫૮ લાખ નંગ ઈંડા અને ૧૭૭૯.૬૦ હજાર કિગ્રા ઉન ઉત્પાદન કરવામાં આવેલ છે.

- પશુ અને ભેંસ વિકાસ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ માં ૧૦ લાખ કૃત્રિમ બિજદાનના લક્ષાંક સામે માહે ડિસેમ્બર–૧૦ અંતિત ૮.૩૯ લાખ કૃત્રિમ બિજદાન કરવામાં આવેલ છે.
- ૧૮૦૦ પશુપાલન શિક્ષણ શિબિર ધ્વારા ૯૦ હજાર પશુપાલકોને પશુપાલન વ્યવસાયની વૈજ્ઞાનીક ઢબે પશુપાલન તાલીમ આપવામાં આવેલ છે.વર્ષ ૨૦૧૦–૧૧ માટે સંકલ્પ પત્ર યોજનાના કાર્યક્રમ અનુસાર ૧૮૦૦ વંધ્યત્વ સારવાર શિબિર ધ્વારા ૧.૮૦ હજાર પશુઓને વિના મુલ્યે સારવાર આપવામાં આવેલ છે.
- સ્વર્ણિમ પશુઆરોગ્ય મેળા ૨૦૧૦ નું તા.૨૧/૧૧/૧૦ થી તા.૨૦/૧૨/૧૦ સુધી રાજય વ્યાપી આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ૨૭૫૦ જેટલા પશુઆરોગ્ય મેળાઓ યોજી તેમાં ૧૧.૫૦ લાખ પશુઓને સારવાર આપી. ૮.૦૦ લાખથી વધુ પશુ અને પક્ષીઓમાં રસીકરણ અને ૧૭ હજારથી વધુ પશુઓમાં કૃત્રિમબીજદાન કરવામાં આવ્યું.
- હાલના ઘનિષ્ટ પશુસુધારણા યોજનાનું વિસ્તરણ તથા નવા ઘનિષ્ટ પશુસુધારણા ઘટકો અમરેલી, કચ્છ અને ભરૂચ ખાતે શરૂ કરવામાં આવેલ છે. ૧૦૦ થી વધુ પશુવિકાસ કેન્દ્રો પુનર્જીવિત કર્યા.
- જી.એલ.ડી.બી પાટણ ખાતે આધુનિક સુવિધાઓ સાથેનું ફ્રોઝેન સિમેન સ્ટેશનની સ્થાપના કરવામાં આવી.
- કૃષિ મહોત્સવ ૨૦૧૦ માં ૪૫૦ જેટલા કેમ્પો યોજી તેમાં ૨.૪૨ લાખ પશુઓને સારવાર આપી. વધુમા ૬૪ લાખથી વધુ પશુ અને પક્ષીઓમાં રસીકરણ અને ૧.૩૯ લાખથી વધુ પશુઓમાં કૃત્રિમબીજદાન કરવામાં આવ્યું. ૦.૭૪ લાખ પશુપાલકોને ઇનપુટ કીટનું વિતરણ કરવામાં આવ્યું.
- રાજયની સહકારી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને માળખાકીય સુવિધા માટે રૂ.૨૭૦૦.૦૦ લાખની સહાય આપનું આયોજન કરવામાં આવેલ છે.